ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમને પ્રથમ હપ્તા પેટે રૂ.૦.૨૮૨૫ કરોડની વહીવટી ગ્રાન્ટ ફાળવવા બાબત.

<u>વર્ષ ૨૦૨૬-૨૭</u>

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/MIS/e-file/17/2022/0019/A-1 Section

સચિવાલય, ગાંધીનગર

તા.As per e-sign.

**<u>વંચાણે લીધાઃ-</u>**

(૧) આ વિભાગનો તા.૦૭/૦૪/૨૦૨૬ના ઠરાવ ક્રમાંક : SJED/MSM/e-file/17/2025/2372/A-1 Section

(૨) સંયુક્ત નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૦૫-૦૫-૨૦૨૬નો પત્ર ક્રમાક: DDCW/AG/e-file/225/2026/1347/CHH-Branch-Board Corpora.

<u>આમુખઃ</u>-

આ વિભાગના વંચાણે લીધા ક્રમાંક (૧) પરના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ માટે વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં વહીવટી ગ્રાન્ટ પેટે રૂ.૧.૧૩ કરોડની બજેટ જોગવાઈની વહીવટી મંજૂરી આપવામાં આવેલ છે. વંચાણે લીધા ક્રમાંક (૨) ના ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને રૂ.૧.૧૩ કરોડની વહીવટી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ. ૦.૨૮૨૫ કરોડની ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ હતી, જેને મંજૂરી આપવાની બાબત વિચારણા હેઠળ હતી.

<u>ઠરાવ</u>:-

પુખ્ત વિચારણાને અંતે ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને વર્ષ ૨૦૨૬-૨૭ ના અંદાજપત્રમાં થયેલ જોગવાઇ મુજબની રૂ.૧.૧૩ કરોડની વહીવટી ગ્રાન્ટ પૈકી પ્રથમ હપ્તા પેટે રૂ. ૦.૨૮૨૫ કરોડની વહીવટી ગ્રાન્ટ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમના હવાલે મૂકવા નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણને નીચેની શરતોને આધીન મંજૂરી આપવામાં આવે છે.

<u>શરતો</u>:-

(૧) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગર મારફત *ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને હવાલે મૂકેલ ગ્રાન્ટની રકમ પૈકી જેટલી ગ્રાન્ટ નિગમ પાસે વણવપરાયેલ રહેલ હોય તેને PD-PLA અકાઉન્ટમાં જમા/તબદિલ કરવાની રહેશે.*

(૨) આ ગ્રાન્ટ નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ગાંધીનગરે તાત્કાલિક ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમને

હવાલે મૂકવાની રહેશે.

(૩) નિગમે આ ગ્રાન્ટનો ઉપયોગ જે હેતુ માટે બજેટ જોગવાઇ કરવામાં આવી હોય તે હેતુ માટે જ ખર્ચ કરવાનો રહેશે.

(૪) આ ખર્ચ કરતા પહેલા નાણાંકીય ઔચિત્યના સિધ્ધાંતોનું પાલન કરવાનું રહેશે.

(૫) સને ૨૦૨૫-૨૬ ના વર્ષની બજેટ જોગવાઇને આધીન રહીને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં ખર્ચ કરવાનો રહેશે.

(૬) આ અંગેનું ખર્ચ સરકારશ્રી દ્વારા વખતોવખત નક્કી કરવામાં આવેલ જોગવાઇઓ અને લાગુ પડતા ધારા ધોરણોને આધીન નિયત પદ્ધતિથી કરવાનું રહેશે.

(૭) આ અંગેનો ખર્ચ માંગણી ક્રમાંકઃ ૯૨ મુખ્ય સદર-૨૨૨૫-અનુ.જાતિઓ, અનુસૂચિત આદિજાતિઓ, અન્ય પછાત વર્ગો અને લઘુમતિઓના કલ્યાણ અંગે મૂડી ખર્ચની જોગવાઇ, પેટા મુખ્ય સદર-૦૩ પછાત વર્ગોનું કલ્યાણ, ગૌણ સદર-૧૯૦ જાહેર ક્ષેત્ર અને અન્ય ઉપક્રમોને નાણાંકીય સહાય, પેટા સદર- ૦૧ ઓબીસી-૧૦ ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ હેઠળ ચાલુ નાણાકીય વર્ષમાં કરવામાં આવેલ જોગવાઇમાંથી મેળવવાનો રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગની તા.૧૦/૦૬/૨૦૨૬નીનોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

e-SD/-
(દેવ્યાની ઝાલા)
સેકશન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ગુજરાત સરકાર

**નકલ રવાના:**

1. નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન,ગાંધીનગર.

2. મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ડૉ.જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.

3.પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર.

4.એકાઉન્ટન્ટ જનરલશ્રી, રાજકોટ/અમદાવાદ

5.નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર.

6.જિલ્લા તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર.

7.સેકશન અધિકારીશ્રી (બજેટ અને કોમ્પ્યુટર સેલ શાખા), સા.ન્યા અને અ.વિ., સચિવાલય, ગાંધીનગર.

8.સિલેક્ટ ફાઇલ-૨૦૨૬.

Signature Not Verified
Signed by:Devyani Zala
Section Officer
Date:2026.06.19
11:12:57 +5:30


Open the document in Adobe Acrobat DC to verify the E-sign